# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હૃદયમાં વેર ને જીભે ઝેર ભરી બેઠા છે!
આડે આવતા કંટકોને ઢેર કરી બેઠા છે!
વેર કરી બેઠા છે પક્ષ-પરિવારમાં સૌથી -
મૂલ્યો અને સિદ્ધાંતો સાથે કેર કરી બેઠા છે.

## હાઈકુ

ઢંઢેરા પીટી
બનાવે છે આપણે
અપ્રિલ-ફૂલ..
(બધા પક્ષો ઉડાવે મજાક)

દારૂ-નાણાંથી
ફેરવે 'મત'-'મતિ'
'ઉમેદ'-વારો..
(નિરક્ષરતાનો લાભ)

## ચિંતન

***દુર્જનૈરુચ્ય માનાનિ વચાંસિ મધુરાણ્યપિ । અકાલ કુસુમાનીવ ભયં સંજનયન્તિ હિ ॥***

'જેમ અકાળે ફૂલ-ફળ આવે તો (ખેડૂત અને જન સમાજને) ચિંતા થાય છે તેવી જ રીતે દુર્જન જો મધુર અને વિનય વિવેકથી ભાષા બોલે તો પણ બધાં (સજ્જનો અને સમાજ)ને ભય લાગે છે.'

ઘણીવાર આકારમાં ધૂમકેતુ દેખાય, બે માથાં વાળાં બાળક-પ્રાણીઓના જન્મ, ઋતુ વિના પણ વૃક્ષો પણ ફળ-ફૂલ આવતાં - રાત્રે કાગડાઓનું બોલવું - ગ્રહણ થવા અકાળે વર્ષા થવી કે દુષ્કાળ પડવા - આ બધું 'નિયમિત' રહેતી પ્રકૃતિની અનિયમિતતા કહેવાય પ્રકૃતિ કોઇ દિવસ રજા-વેકેશન-છૂટછાટ લેતી નથી. પૂનમ-અમાસ-દરિયાની ભરતી કોઇ પણ 'એલાર્મ' વિના તદ્દન ચોક્કસ સમયે થયા જ કરે છે.

**આવી નિશ્ચિત-નિયમિત પ્રકૃતિમાં પણ જો કદી-કયારેક કંઇક અનિયમિતતા દેખાય તો બુદ્ધિમાન** વિચારક-પંડિતો કોઇ આપત્તિનો સંકેત સમજી દુઃખી થાય છે અને આવી બાબતોને ચિંતાનો વિષય સમજે છે.

આ વાત, કવિએ અહીં સચોટ ઉદાહરણ તરીકે મૂકી છે. જો કોઇ દુષ્ટ-ધૂતારો-અવિવેકી જે સતત ગંદી હલકી ભાષા બોલતો હોય તે અચાનક પ્રેમથી-વિનયથી નમ્ર બની બોલવા લાગે તો બુદ્ધિમાન વિચારકો પણ ચિંતામાં પડી જઇ વિચારે છે કે જરૂર કંઇ અનિષ્ટ થવાનું છે.

## સુવિચાર

- સેવા વ્યક્તિની અને ભક્તિ સમાજની અર્થાત.. વ્યક્તિની ભક્તિમાં વધે છે.. તેથી ભક્તિ સમાજની કરવી *- વિનોબા ભાવે*
- પોતાના દોષ સાંભળવાની તાકાત હોય દોષ કાઢવાની તૈયારી હૈયે બેઠી હોય તે પ્રતિબોધ ઉત્તમ ગણાય *- રજનીશ*
- ગરીબ સંતોષી હોય તો એ જે સુખનો અનુભવ કરી શકે છે તેવા સુખનો અનુભવ અસંતોષી શ્રીમંત પણ કરી શકતો નથી *- જ્ઞાનસૂત્ર*
- કોઇ તમને અંતરથી ચાહશે તો તાકાત મળશે.. જો તમે કોઇને અંતરથી ચાહશો તો હિંમત આવશે *- એસ. ભટ્ટાચાર્ય*
- કંઇક ખોટું થાય તો નિરાશ નથી થવાતું પણ આપણા મત વિરૂદ્ધ થાય ત્યારે મુશ્કેલી લાગે છે *- સંત ફ્રાન્સીસ*
- કાયા હજી સાજી છે.. હાથમાં હજી બાજી છે.. ત્યાં સુધી પરોપકાર કરવાની તક હજી તાજી છે *- આચાર્ય ભાનુચંદ્રજી*
- દિલ મેં કયા કયા ખ્વાહીશેં રખતા હૈ આદમી, ખુદ હી અપની મુસીબતો કો બુલાતા હૈ આદમી, કરતા હૈ હર ઘડી કૈસી કૈસી હરકતેં યે આદમી, ખુદ અપને આપ પર ફિર પછતાતા હૈ આદમી *- કુમારપાળ દેસાઇ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

યુનિવર્સિટીની ડિગ્રીઓ કે કેટલુંક તાંત્રિક જ્ઞાન પ્રાપ્ત થયા પછી આપણે આપણી જાતને 'સર્વજ્ઞ' સમજવાની ગેરસમજ થાય છે તેવી જ થોડા સંસ્કૃતનાં થોથાં કે કથા-વાર્તા-કર્મકાંડ જાણ્યા પછી આપણે જાતને પંડિત-જ્ઞાન-વિદ્વાન સમજવા લાગીએ છીએ.

જયારે આત્મા-પરમાત્માનો સંબંધ સમજાય અને માણસમાં વિવેક સાથે જીવન ધ્યેય સ્પષ્ટ થઇ જાય પછી જે 'નિર્લેપ' પણું આવે તે જ સાચું 'જ્ઞાન' છે.

ઋષિ ઉદાલકનો પુત્ર શ્વેતકેતુ આળશુ અને મનસ્વી હતો. ઋષિ ઉદ્દાલતના તપોવનમાં પણ અનેક શિષ્યો પાઠશાળામાં અભ્યાસ કરતા હતા પણ ઋષિ ઉદ્દાલકે એમને બીજા ગુરૂ ઋષિને ત્યાં અભ્યાસાર્થે મોકલ્યો.

શ્વેતકેતુ બાર વર્ષ ત્યાં રહી 'શાસ્ત્રજ્ઞ' થઇ પછો આવ્યો. મહાભારત-પુરાણો-વેદનો નિષ્ણાત થઇ આવ્યો હતો અને ગર્વીલી ભાષામાં પિતાજીને કહ્યું પિતાજી હું બધું જ જ્ઞાન પ્રાપ્ત કરીને આવ્યો છું આપ મને કસોટીની 'એરણ' પર ચઢાવી શકો છો?

પિતાજી, શ્વેતકેતુનો ગર્વ પિછાણી ગયા અને પુછ્યું. 'બેટા! તું એવું કંઇ જાણે છે કે જાણ્યા પછી બધું જ જણાઇ જાય અને કંઇ જ જાણવાનું બાકી ન રહે!!'

પુત્રે મુંઝવણ ભરી દૃષ્ટિથી પિતા તરફ જોયા કર્યું. ઋષિ ઉદ્દાલક કહે બેટા, આત્મા-પરમાત્મા, જીવ અને પરમાત્માનો અદ્વિતીય સંબંધ જો સમજાઇ જાય. પછી કંઇ જ જાણવાનું બાકી રહેતું નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# દિનેશભાઈ પત્નીના પૌત્ર-પ્રેમ આગળ લાચાર થઈ પ્લેનની બે ટિકીટો બુક કરાવવા નીકળી ગયા, પાછા આવ્યા ત્યારે પત્નીએ બે સુટકેસો તૈયાર રાખી હતી

*(ગતાંકથી આગળ...)*

દિનેશભાઇએ એક દિવસ વહુને કહ્યું, 'બેટા તારી મમ્મી પાંચ મહિનામાં ખાસ્સી હેરાન થઇ હશે. આખા ઘરનું કામ કરવું અને સાથે નાના છોકરાંને સંભાળવું એ કંઇ સહેલું નથી.'

વહુ કંઇ કહે તે પહેલાં જ દીકરાએ હસતાં હસતાં કહ્યું 'તેમના સમયમાં તો બે નોકરાણીઓ હતી. એક છોકરાને સાચવતી અને બીજી ઘરનું બધું કામ કરતી હતી. એ તો પલંગમાં બેસીને હુકમ ચલાવતાં, આ તો ગીતાને હમણાં જોબનું ટેન્શન રહે છે. તેથી એનો બધો ગુસ્સો, નોકરાણીઓ પર ઉતારી દીધો અને એક એક કરીને બંનેને કાઢી મુકી.'

ખુબ ઝેરીલી નજરે પતી તરફ જોતાં વહુએ કહ્યું, 'તમે પણ શું મોં-માથા વગરની વાતો કરો છો. બંને નોકરાણીઓ નક્કામી હતી. ના તો છોકરાંની સંભાળ બરાબર લેતી કે ન તો ઘરનું કામકાજ સારી રીતે કરતી હતી. હવે જોઉં છું કોઇ સારી કામવાળી મળી જાય તો, અહીં કામવાળાં મળવાં આસાન નથી.'

પછી મોં બગાડીને સાસુને કહ્યું, 'બા તમને જો વધુ મુશ્કેલી પડતી હોય તો કહી દેજો, બટુકની હું કંઇક વ્યવસ્થા કરીશ.'

દયા એ રંઘવાટમાં કહ્યું, 'ના રે ના... વહું પોતાનું ઘર અને પોતાનાં છોકરાંઓને સાચવવામાં મુશ્કેલી કેવી.'

દીકરો હસતાં હસતાં બોલ્યો. 'મમ્મી એમાં જરાય શંકા નથી કે તું બહુ થાકી જતી હોઇશ. હવે તારી આ ઉંમર આટલું બધું કામ કરવાની છે પણ નહીં. પણ આ તોફાની 'બટુક' તમારી સાથે કેવો ભળી ગયો છે. બીજા કોઇની પાસે જતો જ નથી. એટલે સુધી કે ગીતાને પણ હવે તો બહુ યાદ નથી કરતો.'

## નવાં કલેવર

*- નટવર હેડાઉ*

ગૌરવની વાત સાંભળીને ગીતા ખીંજાઇ તેને બળતરા થઇ. સાસુ-સસાર અહીં આવ્યા એ તો એને ગમ્યું જ નહોતું તેમાં તેને એમ લાગ્યું કે મારા છોકરાને પણ આ લોકો ઝુટવી રહ્યાં છે. જો 'બટુક' તેમની સાથે વધુ હળીભળી જશે તો આ લોકો કાયમ માટે અહીં જ રહેવા લાગશે. ગૌરવ તો શરૂથી જ પોતાના માબાપને સાથે રહેવાનું કહેતો આવ્યો છે. પણ ગીતાને આ બધું ગમતું નથી. જો સાસુ-સસરાં અહીં ટકી જશે તો તેના માબાપ અહીં આવીને કઇ રીતે રહી શકશે. તેની પોતાની પ્રાયવસીનું શું થશે? સાસુ-સસરાં રહેશે તો પતિ પર પણ પોતાનો રોફ વધારે ચાલી નહીં શકે. અત્યાર સુધી તો એ પોતાનું ધાર્યું કરાવતી આવી છે પણ સાસુ સસરા અહીં રહેશે તો એ બધું નહીં બને.

ગીતાને વિચારમાં પડી ગયેલી જોઇને ગૌરવ બોલ્યો. 'ગીતા શું વિચાર કરે છે?'

તે બોલી 'હું વિચાર કરું છું કે ખરેખર બા બહુ થાકી જતાં હશે. પણ શું થાય માસીની બિમારીને કારણે મમ્મી પપ્પાને રાજકોટ જવું પડ્યું. તેથી બાને તકલીફ લેવી પડી. આમ તો મમ્મીનો ફોન આવેલો. માસીને હવે સારૂં છે. મમ્મી-પપ્પા આવતા અઠવાડિયા સુધીમાં અહીં આવી જશે.'

પછી સાસુ તરફ જોઇને બોલી. 'બા તમને અમે બહુ તકલીફ આપી છે. હવે બસ એક અઠવાડીયું રોકાઇ જાવ.'

વહુની વાત સાંભળીને દયાનું મોં ઉતરી ગયું! તો શું આટલા માટે જ અમને બોલાવ્યાં હતા અને પાછી ખુબ જ ચાલાકીથી કહી દીધું કે એક અઠવાડિયામાં પછી તમે સીધાવો.

દીકરો પણ ચોંકી ગયો. આશ્ચર્યથી બોલ્યો. 'શું મમ્મીનો ફોન આવેલો, કયારે? તેં તો મને કહ્યું જ નથી?'

વહુ પગ પછાડી બોલી. 'હવે કહી તો રહી છું.'

દિનેશભાઇ ખુબ જ ઠરેલ વ્યક્તિ હતા. તેમને આખો મામલો સંભાળી લેતાં જરા હંસીને કહ્યું 'અરે! આપણે પણ આપણા ઘર મુકીને આવ્યે કેટલા દિવસો થઇ ગયા છે. ઘણા દિવસોથી ઘર બંધ પડ્યું છે. આજકાલ ચોરીઓ પણ બહુ થાય છે. અમે તો બટુકની સાથે એવા હળીમળી ગયેલાં કે બધું ભુલી ગયાં. બેટા, અમારે જવા માટે રીઝર્વેશન કરાવી દે.'

દીકરાએ કહ્યું, 'બાપુજી જવાની એવી શું ઉતાવળ છે? શાંતિથી જજો.'

દસ દિવસ પછી દીકરાએ ઘરમાં પ્રવેશતાં જ તેમને પાછા જવાની ટિકીટ પકડાવી દીધી. ટ્રેન ચાલુ થાય ત્યાં સુધી 'બટુક' દયાના ખોળામાંથી ખસતો નહોતો. બહુ મુસીબતે ગૌરવ પાસે ગયો.

પોતાના ઘેર આવ્યા પછી દયા ઘણી વખત રાત્રે ઝબકીને જાગી જતી. કહેતી 'બટુક' રડે છે. આખો દિવસ કહેતી કે 'બટુક' ની સાથે રાત-દિવસ કેમ જતા એ ખબર જ નહોતી પડતી હવે અહીં તો જાણે કે કંઇ કામ જ નથી.

વળી કયારેક કહેતી 'અરે! સાંભળો છો. બટુક તો હવે આપણને ભુલી ગયો હશે ખરૂં ને?'

દિનેશભાઇ વિચારતાં કે જે દીકરાને બાળપણથી યુવાની સુધી પાલનપોષણ કરીને મોટો કર્યો એ જ જો આપણને ભુલી ગયો હોય તો છ મહિનાનો બટુક આપણને કંઇ રીતે યાદ રાખે. તેનું મન રાખવા એક દિવસ તેમણે કહ્યું 'તું શું કામ ચિંતા કરે છે. ફરીવાર બટુક તને જોશે એટલે તરત જ ઓળખી જશે.'

વહુના માબાપ ત્યાં આવી ગયાં હતા. દીકરાનો કયારેક કયારેક ફોન આવતો. એ દરમિયાન નીચેના માળે રહેતા. ભાડુઆત પોતાના કુટુંબ સહિત કોઇના લગ્નમાં મુંબઇ ગયા હતા. ગૌરવને પણ એ મળેલાં. તેમને દયાને કહ્યું કે 'વહુની માસી બિમાર છે. તેથી તેના માબાપ રાજકોટ ગયાં છે. બટુકને થોડા દિવસ ઘોડિયાઘરમાં રાખેલો પણ માંદો પડી ગયેલો. થોડા દિવસ ગીતા એ રજાઓ લીધેલી. હવે એક નોકરાણી રાખી છે. ઘેર તેની પાસે મુકીને જાય છે પણ એ બરાબર ધ્યાન રાખતી નથી. તેથી બટુક અવારનવાર બિમાર થઇ જાય છે.'

આ બધું સાંભળીને દયાને ચિંતા થવા લાગી. દીકરાને ફોન કરી બટુક બિમાર છે. તેને સાચવવાવાળું કોઇ નથી તો આપણે ત્યાં જઇએ.'

આશ્ચર્યથી તેમણે પત્નીની તરફ જોતાં કહ્યું. 'પણ તું તો કહેતી હતી કે ગયા વખતે વહુ એ એટલું અપમાન કર્યું છે કે હવે કયારેય ત્યાં નહીં જાઉં.'

દયાએ ખીજાતાં કહ્યું, 'અરે! ગુસ્સામાં માણસથી ગમે તે બોલાઇ જાય. બટુક બિમાર છે. આપણે જવું જ પડશે.'

'પણ તેણે તો તને બોલાવી નથી કે બટુક બિમાર છે એવું પણ જણાવ્યું નથી. જો દીકરો આપણને બોલાવવા માંગતો ન હોય તો જબરજસ્તી જવાની શું જરૂર છે?'

પત્નીએ કપાળ કુટતાં કહ્યું 'તમે બિલકુલ બુધ્ધુ છો. હું મા છું. ગૌરવ ને બરાબર ઓળખું છું. તે અગાઉ બની ગયેલ વાતે શરમાતો હશે. તેથી કંઇ કહેવાની હિંમત થતી નહીં હોય. તમે તાત્કાલિક પ્લેટનની બે ટિકીટ બુક કરાવો.'

તે જરા આઘાપાછા થયા. 'પહેલા ગૌરવને ફોન કરીને જરા પુછી તો લઉં.'

દયાએ છણકો કર્યો. 'તમે પહેલાં વિમાનની બે ટિકીટો બુક કરાવી આવો. ગૌરવ સાથે રાતે વાત કરી લઇશું.'

દિનેશભાઇ પત્નીના પૌત્ર-પ્રેમ આગળ લાચાર થઇ પ્લેનની બે ટિકીટો બુક કરાવવા નીકળી ગયા. પાછા આવ્યા ત્યારે પત્નીએ બે સુટકેસો તૈયાર રાખી હતી.

રાતે દયા નીચે રહેતા ભાડુઆત ને કહી રહી હતી કે સારૂં કર્યું કે તમે અમને કહી દીધું. બટુક બિમાર છે તેથી અમે કાલે રાતની ફ્લાઇટમાં મુંબઇ જઇએ છીએ.

ત્યાં દીકરાની સાસુનો ફોન આવ્યો. દિનેશભાઇએ કહ્યું કે અમે કાલે આવીએ છીએ તો એ બોલી ઉઠ્યા. 'અરે! ભાઇ સાહેબ અમે મુંબઇ પહોંચી ગયા છીએ. તમે નક્કામા શા માટે તકલીફ લોધો. બટુક ને બિલકુલ સારૂં છે. અમે સાચવી લઇશું.'

હવે તેમને કંઇ કહેવાનું રહ્યું ન હતું. એટલે ફોન મુકી દીધો.

બાલ્કનીમાંથી નીચે જોયું તો દયા ભાડુઆતની સાથે બટુક બાબતે ચિંતા કરતી હતી. કોણ જાણે મારો બટુક કેમ હશે?

તેમને ત્યાંથી જ બુમ મારી 'ચિંતાનું કોઇ કારણ નથી. મુંબઇથી ફોન આવી ગયો છે. બટુક હવે બિલકુલ બરાબર છે.'

તેમની વાત સાંભળી દયા જલ્દી જલ્દી દાદર ચડતી હાંફતી ઉપર આવી. 'તમે શું કહ્યું, ગૌરવનો ફોન આવેલો, મારી સાથે વાત કેમ ન કરાવી?'

તેમણે નજર ઝુકાવીને કહ્યું, 'ગૌરવનો ફોન નહોતો, વહુનીમાં નો ફોન હતો, એ ત્યાં પહોંચી ગયા છે. બટુકને બિલકુલ સારૂં છે.'

તેમણે માનેલું કે આ વાત સાંભળીને દયાનો ગુસ્સો હંમેશાની માફક તેમના ઉપર ઉતરશે, પણ તેમની ધારણા ખોટી પડી. એ થાકેલી જઇને પલંગ પર સુતી. ત્યારે એમને શું ખબર કે જીવનના ઝંઝાવાતોથી થાકેલી પત્ની હંમેશા માટે સુવા જઇ રહી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)


# 'આમ આદમી'...!! દિલ કો દેખો ચહેરા ના દેખો, ચહેરેને લાખોં કો લૂંટા..!!

## 'આમ આદમી' એટલે પ્રામાણિક, સજ્જન, બિકણ, ભોળો, શોષિત, પિસાયેલો જયારે રાજકારણી, અધિકારી અને ધનવાનો એટલે આના પર રાજ કરતાં 'ખંધા આદમી'


છેલ્લાં એક વર્ષથી 'આમ આદમી'નામનો શબ્દ પ્રચલિત પણ થયો અનેચર્ચામાંય આવી ગયો છે. રાજકીય નેતા, સરકારી અધિકારી અને ધનવાનોની મંડળીએ ભેગાં મળીને આમ આદમીનું ગળું દબાવ્યું છે, એવું બધાંને ખબર પડવા લાગી છે. આમાંથી આ આદમીઓને છોડાવવાં અને મુક્ત કર્યાનું શ્રેય મેળવવો એવો એકમલક્ષી કાર્યક્રમ હમણાંથી બની ગયો છે!!

કોણ શું કાર્યક્રમ કરે? એનાથી આપણને કોઈ પ્રોબ્લેમ નથી, પણ આમ આદમી નામનો બહુ ચર્ચિત શબ્દ જરા સમજી લેવો જરૂરી છે. રાજકારણી, અધિકારી, ધનવાનો જેવો ઉલ્લેખ કરેલાં લોકો દુષ્ટ, ભ્રષ્ટ, ક્રૂર એ મુઠ્ઠીભર જ છે, અને દબાયેલો, કચડાયેલો, ચૂંથાયેલો, પિસાયેલો, બાકીનો બધો જ સમાજ છે એ 'આમ આદમી' એવી એકંદર સમજ અને આમ આદમી નામના માણસની વ્યાખ્યા બની છે. સારૂં, આ આમ આદમી પ્રામાણિક, સજ્જન, ભોળો, ઈજ્જતદાર, શોષિત છે એવું પણ એક વણ લખાયેલું વાક્ય સૌને ખબર છે!!

ખંધા આદમીની મુઠ્ઠીભર જમાતે બિચારા આમ પર રાજ્ય કરવાનું જ કામ કર્યું છે, અને આ ખંધા આમ આદમી કહે છે કે, ''ઈનકી વજહ સે'' (એટલે મુઠ્ઠીભર લોકો) આ (આમ આદમી) ત્રાહી ત્રાહી કર હૈ, ઔર અબ 'તંગ આ ચૂકે હૈ' એવુંય કહે છે... સાચું કહેજો હે આ સદ્ગુણના પૂતળા ગણ્યા ગાંઠ્યા બિચ્ચારા થયેલા આમ આદમી? એ રહે છે કયાં? ખાય છે શું? અને કરે છે શું? એક વાત ધ્યાનમાં રાખજો કે 'આમ' છે એટલે તેઓ રાજકારણી, અધિકારી, ધનપતિ નથી એવાં બધાં છે.




એટલે તેઓ ડૉક્ટર છે, મજૂર છે, સેલ્સમેન છે, સલૂનવાળા છે, રીક્ષાવાળા તો ખાસ છે... આ બધાં બહુ સીધાં સાધાં અને ભોળાં પણ છે... કૉલેજમાં જનારા, મેળામાં રમકડાં વેંચનારા કે ચકડોળ ચલાવનારાં, કરિયાણાના માલનો દુકારનદાર, ફુટપાથ પર કપડાં કે પ્લાસ્ટીકનાં વાસણ વેચનારાં, રમતવીર, મૉડેલ્સ, હીરો-હીરોઈન, લેખક, રસ્તો વાળનારાં, ચપ્પુ-છુરીને ધાર કાઢનારા, વકીલ, ખેતરમાં મજૂરી કરતાં ખેડૂત, શિક્ષક, બેંકમાં નોકરી કરનારાં, દક્ષિણા લઈ લોકોના લગ્ન કરાવતાં, વિમા એજન્ટ, લોટરીના ટિકિટ વેચનારાં, મિઠાઈ બનાવનારાં વગેરે વગેરે બધાં જ લોકો અધિકારી - રાજકારણી કે કરોડપતિ ન હોવાના નાતે એકદમ જ આમ 'આમ આદમી' છે એવું તો સ્પષ્ટ જ છે...



લોકશાહી ધરાવતાં ભારતમાં આ બધાં આમ આદમી પ્રામાણિક, સચ્ચાઈ અને ચોખ્ખો વહેવાર કરવાની મજબૂત ઈચ્છા ધરાવે છે અને છતાંય ડગલેને પગલે પેલાં 'ખંધા આદમી'ની જમાત આમની રોજ અગ્નિ પરીક્ષા લે છે, બચારાં કરેય શું? લાયસન્સ કચેરી હોય કો રિઝર્વેશન કાઉન્ટર, દલાલો વિના કામ પતતું નથી, પછી એજન્ટ ફીના નામે ભ્રષ્ટાચાર કરવાં મજબૂર ના બને તો કરેય શું? જવાદો ને યાર કેટલો જીવ બાળવાનો? હજી તો ઘણુંય ભાષણ ઝાડવાનું બાકી છે, એટલે આમ તો આ લખાણ છે પણ સિઝન ચૂંટણીની છે ને એટલે જરા 'ભાષણ' કહીએ તો તમે બધાંને સારૂં લાગે!!

સત્ય તો એ છે કે ભારતનો 'આમ આદમી' સાચ્ચે જ અઢળખ આમ આદમીઓના ટોળામાં સામેલ છે. વિશ્વના માનવ વિકાસ નિર્દેશાંકમાં આપણું સ્થાન જોઈશું તો આ વાત માનવી જ પડશે. વિશ્વનાં ૨ ૨૯ દેશોમાં આપણો નંબર ૧૩૬ મો છે!! હવે આપણે માનવ વિકાસ તળીએ ગયેલો છે એવું કહીએ તો કેટલાંય ને મરચાં લાગી જશે!! હવે આમાં પાછો એક યુક્તિવાદ લગાડીએ એટલાં ભ્રામણ જવાબ મળે છે કે 'આ નિર્દેશાંક આપણાં દેશનાં સંદર્ભે યોગ્ય નથી.' આ વાત એટલે આપણે આપણી ગલી મહોલ્લામાં આપણાં નિયમ પ્રમાણે ક્રિકેટ રમીએને એવી વાત, વિશ્વનાં ક્રિકેટનાં નિયમો આપણને માન્ય નથી. જેમ કે એક ટપ્પાએ આઉટ, ઝાંપાને વાગે તો ચાર રન અને કોકના કમ્પાઉન્ડમાં ડાયરેક્ટ બૉલ જાય તો આઉટ...

પોતાની જાતને જુઠા આત્મગૌરવમાં ડુબાડીને રાખેલી એક વાત નાનપણથી સાંભળથો આવ્યો છું. ''આપણી વૈજ્ઞાનિક પ્રગતિ ભલે ધીમી હશે પણ આપણી પરંપરા, સંસ્કાર અને સંસ્કૃતિને કારણે આપણી નૈતિક. આધ્યાત્મિક દરજ્જો ખરેખર તો પાશ્ચાત્ય દેશોની તુલનામાં કયાંક આગળ છે!! રાણીનો હજીરો આ સાચું છે? એરપોર્ટ પણ ઉતરીને પહેલી પાનની પિચકારી મારતાં કે ઝાડ નીચે પેશાબ કરવા ઊભા થઈ જતાં સજ્જનોની નૈતિકતા જો આ દેશોથી આગળ હોત તો આવું કૃત્ય કોઈ કાળે ના કરે!!''

આ દેશમાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં 'ચાન્સ' મારવાનો પ્રયત્ન કરે છે... લગભગ ડૉક્ટરો 'કટ પ્રેક્ટીસ' જેવાં પ્રકારોમાં સામેલ હશે... મોટે ભાગે વકીલો ખોટાં સાક્ષી અને ખોટી આર્ગ્યુમેન્ટ ઊભી કરી ગીતનાં ખોટાં સોગંધ ખાવાને પોતાનાં ધંધાનો એક ભાગ ગણે છે... મોટા ભાગનાં ગ્રાહકો અને વેપારીઓ ટેક્ષ ચૂકવવાનો ના પડે એટલે બનતાં વહેવારો બિલ વગર જ પતાવવામાં માને છે... મોટા ભાગનાં નેટીઝન્સ 'પોર્ન સાઈટ' પર ન્યૂડ વિડીયો-ફોટો જોતાં હોય છે અને આપણો સમાજ કેટલો બગડી ગયો એની બુમો પાડતાં હોય છે... કોઈ પણ ક્ષેત્રમાં ઓછા સમયમાં વધુ રૂપિયા કેમ કમાવવાં, કામચોરી કેમ કરવી? એમાં પોતાની હોંશિયારી સમજે છે!!

સારાં માલમાં ખરાબ માલની ભેળસેળ કર્યા વગર માલ વેચનારા વેપારી, પર્ફોમન્સ સુધારવા માટે ડ્રગ્સ ના લેનારા ખેલાડી, પ્રામાણિકપણે સંપૂર્ણ અભ્યાસક્રમ નિષ્ઠાપૂર્વક શાળામાં શીખવતાં શિક્ષકો, 'મંત્ર'માં કોઈ પાવર નથી તોટ ટીવીમાં જાત જાતનાં મંત્ર-નંગ પહેરાવતાં બ્રાહ્મણ-પૂજારી કંઈ નહીં તો એ મંત્રનો સચોટ અર્થ કહી શકે, બાજુના ખેતરમાં ઘૂસણખોરી ન કરનારાં, દૂધમાં પાણીનાં મેળવનારાં ખેડૂત, ભીડમાં ગયાં પછી શારીરિક છેડખાની ના થઈ હોય એની યુવતીઓ જેમ આપણાં સમાજમાં દીવો લઈને ગોતીએ તો પણ મળશે?? આ આપણી પરંપરા, આપણાં સમાજને આપેલી નૈતિક - આધ્યાત્મિક દરજ્જો કયાં આવ્યો?? પેલા 'ખંધા આદમી' તો લોકોની નજરે ચઢી ગયાં છે, પણ આ બધાં કારસ્તાનો કોણ કરે છે? આપણામાંનો આમ આદમી જ ને??

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમની પાછળ પાછળ ચાલે છે ધન અને સફળતા

ઘણા લોકો એકબીજાને પૂછતા હોય છે : "તમે કદી કોઈને પ્રેમ કર્યો છે?"

પ્રેમ જોઈ શકાતો નથી, પરંતુ અનુભવી શકાતો હોય છે. ઓશોએ કહ્યું છે કે પ્રેમ કરવો પડતો નથી, થઈ જતો હોય છે. પ્રયત્ન કરીને કરવામાં આવે એ પ્રેમ તો નથી જ. બીજું કશુંક હોઈ શકે પણ પ્રેમ ન હોઈ શકે.

તમે કદી પ્રેમ કર્યો છે કે નહીં, એવા સવાલનો જવાબ યા તો "હા"માં મળે અથવા "ના"માં પણ મળે. સૌથી મહત્વની વાત એ છે કે તમારે કોઈને પ્રેમ આપવા માટે પ્રયત્ન કરવાનો હોતો નથી. લાગણીનું અનુસંધાન આપોઆપ થવું જોઈએ. આપોઆપ બધું વ્યક્ત થતું રહે. જ્યારે પ્રયાસ કરવામાં આવે તો એમાં કૃત્રિમતા ભળે છે. એવા સંબંધમાં છળ અને કપટ પણ પ્રવેશેલું હોય. સંબંધમાં નાટકીયતા હોય એમાં પ્રેમ ટકી શકે નહીં.

**પ્રેમ હશે તો ધન અને સફળતા પાછળ પાછળ જ આવશે, પરંતુ જો પ્રેમ જ નહીં હોય તો ધન અને સફળતા ઝાઝું ટકતા નથી, જાણે એનું બાષ્પીભવન થઈ જાય છે**

## ગુલમહોર

*- દિનેશ દેસાઈ*

પ્રેમની લાગણી જીવનમાં ઊચ્ચ તબક્કો છે. આમ તો દરેક ધર્મમાં દાન-દક્ષિણા, ખૈરાત, ભિક્ષાનું મહત્વ છે. વહેંચીને ખાવાનો સિદ્ધાંત આપણને જીવનમાં ઊર્ધ્વગતિ તરફ લઈ જાય છે. સમતા અને સમાજવાદ એ પણ પ્રેમ છે. પ્રેમથી મોટો કોઈ ધર્મ ન હોઈ શકે.

એક સરસ મજાની સૂફી કથા છે. એક ઘરની બહાર કોઈ ટહેલનો અવાજ સાંભળીને પરિવારની સ્ત્રીએ બહાર જઈને જોયું. ત્રણ ભિક્ષુ ભિખ માગવા આવ્યા હતા. સ્ત્રીએ ભિક્ષુઓને ભોજન માટે નિમંત્રિત કર્યા.

ત્રણમાંથી એક જણાએ પૂછ્યું કે "શું તમારા પતિ ઘરે છે?"

પેલી સ્ત્રીએ જવાબ આપ્યો કે "ના, એ તો કામે નીકળી ગયા છે. પરંતુ તમે આવો અને અહીં બેસો. હું તમારા માટે જમવાનું લાવું છું, એ તમે કોઈ સંકોચ વિના જમી લો."

બીજા ભિક્ષુએ કહ્યું કે "ના, તમારા પતિ ઘરે ન હોય ત્યારે અમે ઘરમાં ન આવી શકીએ અને ભિક્ષા પણ ન લઈએ. અમે તમારા પતિ આવે ત્યાં સુધી અહીં ઘર બહાર રાહ જોવાનું પસંદ કરીશું."

છેક મોડી સાંજે એ સ્ત્રીના પતિ કામકાજ પરથી ઘરે આવ્યા ત્યારે તેની પત્નીએ બધી માંડીને વાત કરી. પતિએ તો ભિક્ષુઓને આદર સાથે ઘરમાં બેસાડીને ભોજન કરવા બોલાવ્યા.

એવામાં એક ભિક્ષુએ કહ્યું કે "અમે ત્રણેય ભિક્ષુ કોઈના ઘરે એક સાથે ભિક્ષાનો સ્વીકાર કરવા જતા નથી. મારું નામ ધન છે. બીજાનું નામ સફળતા છે અને ત્રીજાનું નામ પ્રેમ છે. અમારામાંથી કોઈ એકને જ તમે ઘરમાં બોલાવી શકો છો. તમે ઘરમાં જઈને પરિવારના બધા સભ્યો સાથે મળીને નક્કી કરો કે તમે બધા પોતાના ઘરમાં કોને નિમંત્રિત કરવા માગો છો?"

પતિએ ઘરની અંદર જઈને પત્નીને વિગતે વાત કરી. પતિ અને પત્નીએ પોતપોતાના વિચારો વ્યક્ત કર્યા. પતિએ ધનને ઘરમાં આવવા દેવા કહ્યું જ્યારે પત્નીએ સફળતા પસંદ કરવા આગ્રહ કર્યો. મા-બાપની વાત સાંભળીને બીજા ઓરડામાંથી દીકરી દોડી આવી અને કહેવા લાગી કે "મારું માનો તો આપણે ઘરમાં પ્રેમને જ આવકારીએ. પ્રેમથી વિશેષ જીવનમાં કશું જ નથી. ધન પણ નહીં અને સફળતા પણ નહીં. જો આપણી વચ્ચે પ્રેમ જ નહીં હોય તો ધન અને સફળતા શા કામનાં?"

મા-બાપ પણ દીકરીની વાત સાથે સંમત થયા અને સર્વાનુમતે પ્રેમને ઘરમાં આવકારવાનું નક્કી કર્યું. પતિ-પત્ની બેઉ સાથે જ ઘર બહાર ગયા અને ત્રણ ભિક્ષુ તરફ જોઈને કહ્યું કે "તમારામાંથી પ્રેમ કોણ છે? જે પ્રેમ છે, એમને ઘરમાં પ્રવેશવા માટે અમારું હૃદયપૂર્વકનું નિમંત્રણ છે."

આ સાંભળીને જેવા પ્રેમ નામના ભિક્ષુએ ઘરમાં પ્રવેશવા માટે ડગ માંડ્યા કે તરત જ બાકીના બે ભિક્ષુએ પણ પેલા ભિક્ષુની પાછળ પાછળ ઘરમાં પ્રવેશવા માટે ડગ માંડ્યા.

આ દૃશ્ય જોઈને પતિ-પત્ની તરત જ એક અવાજે બોલી ઊઠ્યા કે "અરે, થોડી વાર પહેલા તો તમારા તરફથી અમને એવો જવાબ આપવામાં આવ્યો હતો કે તમે કોઈ એક જ ભિક્ષુ ઘરમાં ભિક્ષા સ્વીકાર કરવા આવશે. અમે ખાસ્સો વિચાર કર્યા પછી પ્રેમની પસંદગી કરી છે ત્યારે તમે બીજા બે ભિક્ષુ પણ કેમ ભીતર આવી રહ્યા છો?"

એક ભિક્ષુકે ખુબ સરસ જવાબ આપ્યો કે "જો તમે ધન અથવા સફળતા પૈકી કોઈ એકની જ પસંદગી કરી હોત તો તમે સમજ્યા છો એ પ્રમાણે કોઈ એક જ તમારા ઘરની ભીતર આવ્યા હોત. પરંતુ તમે તો પ્રેમની પસંદગી કરી છે અને પ્રેમ ક્યારેય પણ, ક્યાંય પણ એકલો જતો નથી. જ્યાં જ્યાં પ્રેમ જાય છે, ત્યાં ત્યાં પ્રેમની પાછળ પાછળ ધન અને સફળતા પણ વગર બોલાવ્યે ચાલ્યા જ આવે છે. પ્રેમમાં આ તાકાત હોય છે. પ્રેમ પથ્થરને પણ પીગળાવી શકે છે અને પ્રેમ પર્વતને પણ નમાવી શકે છે. પ્રેમ વાદળને પણ વરસવા મજબુર કરી શકે છે અને પ્રેમ જ દરિયા જેવી ખારાશને મીઠાશમાં ફેરવી શકે છે. પ્રેમ જ પ્રેમ હોય ત્યાં બીજા કોઈ દુષણો ટકી જ શકતા નથી. નફરતને ચાહતમાં પલટાવી શકે તો એ પ્રેમ છે. ધન અને સફળતા એકલા ક્યાંય ટકી શકે નહીં. ધન અને સફળતાને પ્રેમનો આધાર જોઈએ. પ્રેમના આધાર અને પાયામાં જ ધન અને સફળતા રહી શકે."

ખરેખર પ્રેમ ઝુકેલાને ઉપર ઊઠાવી શકે છે અને પ્રેમ જ અક્કડતાને નમ્રતાના પાઠ શીખવી શકે છે. પ્રેમ ઝુકતા શીખવે છે. પ્રેમ શાલીનતા અને પ્રામાણિકતા પણ શીખવે છે. જે વ્યક્તિ પ્રેમમાં હોય અથવા જે વ્યક્તિમાં પ્રેમ, દયા, કરુણા, મમતા હોય તે વ્યક્તિ ઈચ્છે તો પણ છળ-કપટ કરી શકે નહીં. જેનામાં પ્રેમનો વાસ થયો હોય, જેના સમગ્ર અસ્તિત્વમાં પ્રેમ જ પ્રેમ હોય તેને પછી બીજા કશાયની જરુર પડતી નથી.

જેની પાસે પ્રેમ જ ન હોય તેની પાસે દુનિયાભરની સંપત્તિ હોય તો પણ એનો ખાલીપો ભરાતો નથી. પ્રેમ એ કંઈ બજારમાંથી ખરીદવાની વસ્તુ – કોમોડિટી નથી કે ૧૦૦ ગ્રામ અથવા એક કિલોગ્રામ ખરીદી શકાય. સબ સે ઊંચી પ્રેમસગાઈ. પ્રેમથી મોટો બીજો કોઈ ધર્મ ન હોઈ શકે. માનવધર્મ એ જ તો પ્રેમધર્મ.

સ્ટોપર : પ્રેમમાં શરતો ન હોય અને શરતો હોય એવા સંબંધમાં પ્રેમ ન હોય. પ્રેમને ત્રાજવામાં તોલી કે જોખી શકાય નહીં.